દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

મંગળવાર ૨૭ ઓક્ટોબર, ૨૦૨૬

# અલ-નીનો ઈફેક્ટથી પેસેફિક મહાસાગરનું તાપમાન ૩૦ ડીગ્રીએ: ભારત માટે પણ ચિંતાનો વિષય

આ વર્ષે અલ-નીનોની સ્થિતિ છે અને તેને કારણે વિશ્વના અનેક પ્રદેશોના હવામાન પર અસર પડે છે અને ભારતમાં પણ ચોમાસામાં વરસાદ તેને કારણે ઓછો થાય છે તે હવે જાણીતી બાબત છે. વળી, આ વર્ષે પેસિફિક મહાસાગરમાં સર્જાયેલ અલ-નીનો વધુ શક્તિશાળી છે અને તેને સુપર અલ-નીનો તરીકે પણ ઓળખાવવામાં આવ્યો છે. ભારતમાં અલ-નીનોની જ દેખીતી અસરથી આ વર્ષે વરસાદની ઘટ સાથે ચોમાસુ પુરું થયું છે. હવે એક નવા અહેવાલ એ આવ્યા છે કે જ્યારે અલ નીનો પરિબળ સતત તીવ્ર બની રહ્યું છે, ત્યારે પ્રશાંત મહાસાગરે તાપમાનની એક મહત્વની સપાટી વટાવી છે અને પ્રથમ વખત આ તાપમાન ૩૦ અંશ સેલ્સિયસ પર પહોંચ્યું છે. આના કારણે ભારત સહિત સમગ્ર વિશ્વમાં હવામાનની તરાહ પર પડનારી અસર અંગે ચિંતા વધી ગઈ છે.

યુએસ નેશનલ ઓશિયાનિક એન્ડ એટમોસ્ફેરિક એડમિનિસ્ટ્રેશન(NOAA)ના ડેટા અનુસાર, ૨૨ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ મધ્ય વિષુવવૃત્તીય પ્રશાંત મહાસાગરમાં જે ક્ષેત્ર પર વૈજ્ઞાનિકો અલ નીનો પર નજર રાખવા માટે ઝીણવટપૂર્વક દેખરેખ રાખે છે ત્યાં સમુદ્રની સપાટીનું તાપમાન લગભગ 30C સુધી પહોંચી ગયું હતું. ૨૨ ઓક્ટોબરનું આ તાપમાન 30C એ પહોંચી ગયું હતું, જે ઉપલબ્ધ રેકોર્ડ્સમાં અગાઉ ક્યારેય ન જોવા મળેલો આંકડો છે.

આ સીમાચિહ્નરૂપ ઘટના એવા સમયે આવી છે જ્યારે આ ક્લાઇમેટ ઇવેન્ટ સતત મજબૂત થઈ રહી છે, જેની હાનિકારક અથવા વિપરીત અસરો આગામી વર્ષમાં પણ જોવા મળી શકે છે. વિશ્વ હવામાન સંસ્થા(WMO) એ નોંધ્યું છે કે મધ્ય અને પૂર્વીય ઉષ્ણકટિબંધીય પ્રશાંત મહાસાગરમાં ઓક્ટોબર-ડિસેમ્બર દરમિયાન તાપમાન રેકોર્ડ સ્તરે પહોંચવાની ધારણા છે, જેમાં ડિસેમ્બરની આસપાસ અલ નીનો તેની ચરમસીમા પર હોઈ શકે છે. અલ નીનો એ એક કુદરતી આબોહવાકીય પેટર્ન છે જેમાં મધ્ય અને પૂર્વીય ઉષ્ણકટિબંધીય પ્રશાંત મહાસાગરની સપાટીનું પાણી અસામાન્ય રીતે ગરમ થઈ જાય છે. આ ગરમી પવનો અને વરસાદી વાદળોની હલનચલનને અસર કરે છે, જેનાથી મહાસાગરની બહાર દૂર-દૂરના વિસ્તારો સુધી હવામાન બદલાઈ જાય છે. જો કે, વર્તમાન વર્ષના આ પ્રાકૃતિક ઘટના ખાસ કરીને ખૂબ જ તીવ્ર છે. WMO અનુસાર, 'નિનો ૩.૪' તરીકે ઓળખાતા વિસ્તારમાં સમુદ્રની સપાટીના તાપમાનમાં સામાન્ય કરતાં જૂનમાં ૧.૬C વધારો થયો હતો, જે વધારો ઓગસ્ટમાં વધીને ૨.૫C થયો હતો.

આગાહીઓ સૂચવે છે કે ઓક્ટોબર-ડિસેમ્બર દરમિયાન તે સામાન્ય કરતાં લગભગ ૩.૭C વધી શકે છે, જે અગાઉ નવેમ્બર ૨૦૧૫-જાન્યુઆરી ૨૦૧૬ દરમિયાન નોંધાયેલા ૨.૬C ના રેકોર્ડ કરતાં પણ વધુ છે. આ આંકડા સમુદ્ર તેના લાંબા ગાળાના સરેરાશ તાપમાન કરતાં કેટલો વધુ ગરમ છે તે માપે છે, નહિ કે તેનું વાસ્તવિક તાપમાન.

ભારત માટે, વિકસી રહેલું આ અલ નીનો વરસાદમાં ઘટાડા અને વધતા તાપમાન અંગેની ચિંતાઓ લાવે છે. ભારતીય હવામાન વિભાગ(IMD)ના જણાવ્યા અનુસાર, ૨૦૨૬ માં ચોમાસું સામાન્ય કરતાં લગભગ ૧૩% ઓછા વરસાદ સાથે પૂર્ણ થયું છે. WMOનું ઓક્ટોબરનું આઉટલુક પણ દર્શાવે છે કે આવનારા મહિનાઓ દરમિયાન મોટાભાગના દક્ષિણ એશિયામાં તાપમાન સામાન્ય કરતાં વધુ રહેશે આમાં ભારત પણ આવી જાય છે. આ સમગ્ર વિસ્તારમાં વરસાદની શક્યતાઓ અલગ-અલગ છે, જેમાં ઓક્ટોબર-ડિસેમ્બર દરમિયાન મધ્ય અને દક્ષિણ દ્વીપકલ્પીય દક્ષિણ એશિયાના મોટાભાગના વિસ્તારોમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ થવાની શક્યતા વધુ છે. અલબત્ત, અલ નીનો પરિબળ એકલું ભારતનું હવામાન નક્કી કરતો નથી. અન્ય આબોહવાકીય પેટર્ન અને સ્થાનિક પરિસ્થિતિઓ પણ વરસાદ અને તાપમાનને અસર કરે છે.

જો કે, પ્રશાંત મહાસાગરનું અસામાન્ય રીતે ગરમ પાણી, ગરમી અને વરસાદના ફેરફારો સહિતના વિક્ષેપકારક હવામાનનું જોખમ વધારી શકે છે. મજબૂત થઈ રહેલું એલ્ નીનો આગામી મહિનાઓમાં વૈશ્વિક સ્તરે હવામાનમાં ભારે ફેરફારોને વધુ તીવ્ર બનાવે તેવી શક્યતા છે. સંયુક્ત રાષ્ટ્ર(UN) ચેતવણી આપે છે કે આ ઘટના કેટલાક વિસ્તારોમાં ભારે દુષ્કાળ અને પાણીની અછત લાવી શકે છે, જ્યારે અન્ય વિસ્તારોમાં ભારે વરસાદ અને પૂરનું જોખમ વધારી શકે છે. આફ્રિકન વિસ્તારોમાં ભારે વરસાદનું જોખમ વધી શકે છે જ્યારે ભારત સહિતના દક્ષિણ એશિયાના વિસ્તારોમાં દુકાળનું જોખમ વધી શકે છે. આમ પણ ભારતમાં છેલ્લા કેટલાક વર્ષથી ઉનાળામાં વધુ ગરમી પડે છે તો આ વખતે અલ-નીનોને કારણે વધુ સખત ગરમીનો સામનો કરવો પડી શકે છે. અલ-નીનોની અસર પ્રદૂષણજન્ય હવામાન પરિવર્તનને કારણે વધુ તીવ્ર બની છે એમ પણ નિષ્ણાતો જણાવે છે, અને પેસેફિક સપાટીનું ૩૦ ડીગ્રી તાપમાનમાં તેની અસર પણ હોઇ શકે છે પરંતુ આ વખતે આપણે વધુ ગરમી માટે તૈયાર રહેવું પડશે એ નક્કી છે.

## માત્ર એક વાક્ય



ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક પ્રાચીન ગુરુકુળમાં એક દિવસ ગુરુએ વિદ્યાર્થીઓને ખાલી પુસ્તકો આપ્યાં. તેમણે કહ્યું, ''આ પુસ્તકોમાં તમારે જીવનનું સૌથી મહત્ત્વનું જ્ઞાન લખવાનું છે. તમને જે જે જ્ઞાન મહત્ત્વનું લાગે તે વિષે આ પુસ્તકમાં લખી લેવું.''

આશ્રમના હોંશિયાર શિષ્ય આલોકે તરત જ સુંદર અક્ષરે અનેક સૂત્રો લખ્યાં. બીજા વિદ્યાર્થીઓએ પણ પોતાના અનુભવો અને વિચારો લખ્યા. પરંતુ એક નવા વિદ્યાર્થીએ પુસ્તકમાં માત્ર એક વાક્ય લખ્યું: ''મારે હજી ઘણું શીખવાનું છે.''

આલોક અને બીજા શિષ્યોએ તેની મજાક કરી. ''બસ આટલું જ? આખા પુસ્તકમાં એક જ વાક્ય? બીજું કંઈ તને મહત્ત્વનું લાગતું નથી?''

ગુરુએ બધાનાં પુસ્તકો જોયાં. પછી તેમણે બધાને પૂછ્યું, ''તમે તમારા પુસ્તકમાં જે જે જ્ઞાનની વાતો લખી છે, જે સૂત્રો લખ્યાં છે તે બધું શું તમે સમજ્યા છો? અને શું જે લખ્યું છે, તે બધું તમારા જીવનમાં ઉતાર્યું છે?''

ગુરુજીનો પ્રશ્ન સાંભળી બધા ચૂપ થઈ ગયા. આલોકે આગળ આવી સ્વીકાર્યું કે તેને લખેલી કેટલીક બાબતો તેને સમજાતી જ ન હતી અને કેટલીક તેને સમજાતી હતી, પરંતુ તેને તે પોતાના જીવનમાં અમલમાં મૂકી શક્યો નથી.

પેલો નવો શિષ્ય જેણે પુસ્તકમાં એક જ વાક્ય લખ્યું હતું ''મારે હજી ઘણું શીખવાનું છે.''તે આગળ આવ્યો અને બોલ્યો, ''ગુરુજી, મેં જે સમજીને જીવનમાં ઉતાર્યું છે તે જ વાક્ય લખ્યું છે.''

ગુરુજીએ નવા શિષ્યને શાબાશી આપી અને પછી કહ્યું, ''જીવનમાં જ્ઞાનનું પુસ્તક ત્યારે પૂર્ણ થતું નથી જ્યારે તેના બધાં પાનાં ભરાઈ જાય. તે ત્યારે પૂર્ણ થાય છે જયારે આપણને તેમાં લખેલું બધું સમજાઈ જાય અને આપણને શું નથી આવડતું કે સમજાતું તેની સમજ આપે અને જ્ઞાન આપે કે હજી ઘણું શીખવાનું બાકી છે.''

તે રાત્રે આલોકે પોતાના પુસ્તકના છેલ્લા પાને લખ્યું: "મને જે ખબર છે, તેનાથી હું શરૂઆત કરીશ. જે ખબર નથી, તે શીખવા માટે તૈયાર રહીશ."

તે દિવસથી ગુરુજીએ ગુરુકુળમાં એક પરંપરા શરૂ કરી: દરેક વિદ્યાર્થી વર્ષના અંતે પોતાના પુસ્તકમાં એક ખાલી પાનું રાખે, જેના પર લખેલું હોય -''આગામી વર્ષે હું શું શીખવા માગું છું?''

જ્ઞાનનો ખરો અર્થ સર્વજ્ઞ હોવાનો દાવો નથી; સતત શીખવા માટે તૈયાર રહેવાનો છે. જે વ્યક્તિ પોતાની અજ્ઞાનતાને સ્વીકારી શકે છે, તેના માટે વિકાસના દરવાજા હંમેશાં ખુલ્લા રહે છે.

# ગુજરાતમાં શિક્ષણની સ્થિતિ શાળા પ્રવેશોત્સવથી પ્રવેશબંધી સુધી

**શિક્ષણ-સંસ્કાર**

**કાર્તિકેય ભટ્ટ**

> **ગુજરાતમાં તો ખરેખર સરકારે સામેથી કહેવું જોઈએ કે જાગૃત પત્રકારો અને નાગરિકો જાઓ, પોતપોતાના વિસ્તારમાં સ્કૂલોની તપાસ કરો અને જુઓ કે સરકારે ફાળવેલાં નાણાં બરાબર વપરાયાં છે કે નહીં**

ગુજરાતમાં સરકારી શાળાઓ જોવા કે બતાવવાલાયક નથી રહી કે સરકારે શાળામાં પ્રવેશવા માટે પૂર્વમંજૂરીનો નિયમ બનાવ્યો? આ પ્રશ્ન અત્યારે સામાન્ય પ્રજામાં અને થોડાક નિસ્બત ધરાવતાં લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે. મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્ર મોદી હતા ત્યારે ગુજરાતમાં અનેક ઉત્સવો શરૂ થયા, જેમાં શિક્ષણ ક્ષેત્રે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહત્ત્વનાં બન્યાં. પછી આવ્યો ગુણોત્સવ. આ બધા જ ઉત્સવોમાં પ્રજાની ભાગીદારી મહત્ત્વની હતી. ગામ-નગરનાં લોકોને અને બાળકોને શાળામાં આવકારવામાં આવતાં. ગામનાં આગેવાનોને સ્કૂલમાં આમંત્રણ આપવામાં આવતું.બીજી તરફ, દિલ્હીમાં આમ આદમી પાર્ટીની સરકારની સરકારી શાળાઓ પ્રસિદ્ધ થઈ એટલે ગુજરાતમાં પણ આદર્શ અને મોડેલ શાળાઓના વીડિયો બનાવીને વાયરલ કરવાના પ્રયત્નો થયા. વિધાનસભાની ચૂંટણી વખતે તો ખાસ સ્માર્ટ સ્કૂલનું ઉદ્ઘાટન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે થયું.

આમ, ભારતીય જનતા પાર્ટી દ્વારા દેશમાં મોડેલ રાજ્ય તરીકે પ્રખ્યાત બનેલી ગુજરાતની શાળાઓ અને કોલેજો તો નમૂનારૂપ અને સૌને આવકારનારી હોવી જોઈતી હતી. એના બદલે ત્રીસ વર્ષના શાસન પછી સરકારના શિક્ષણ વિભાગે પરિપત્ર કરવો પડે કે શાળામાં પૂર્વ મંજૂરી વગર પ્રવેશવું નહીં. અલબત્ત, આચાર્યની મંજૂરીથી પ્રવેશી જ શકાય છે, પણ આચાર્ય ભેદભાવ કરે તો શું કરવું, તે કોઈ જણાવતું નથી.

આમ તો, ઝેન-ઝી આંદોલન અને આમ આદમી પાર્ટી દ્વારા શાળાઓના અણધાર્યા ઈન્સ્પેક્શનથી સરકારી તંત્ર ઊંઘતું ઝડપાયું છે. જર્જરિત સ્કૂલનાં મકાનો, પાયાની સુવિધાઓનો અભાવ અને શિક્ષકો વગરની સ્કૂલોનું સત્ય બહાર આવી જાય તો?

આ પરિપત્ર રાજનેતાઓના વિચારની પેદાશ નથી લાગતો. આ પરિપત્ર અધિકારીઓ અને સ્કૂલ શિક્ષણના વેપાર સાથે જોડાયેલા વેપારીઓનો લાગે છે. આ પરિપત્રનો મૂળ ઉદ્દેશ રાજકીય પણ નથી. પ્રથમ નજરે 'આપ' અને ઝેન-ઝી માટે પ્રવેશબંધી લાગે, પણ ખરી વાત એ છે કે ગુજરાતમાં છેલ્લાં વર્ષોમાં સરકાર દ્વારા કરોડો રૂપિયા સરકારી શાળાઓ પાછળ ફાળવવામાં આવ્યા છે. સ્માર્ટ ક્લાસ માટે, વિદ્યાર્થીઓની સુવિધાઓ માટે, રમતગમતનાં સાધનો માટે, કમ્પ્યુટર માટે... કરોડો કરોડોની ગ્રાન્ટ મંજૂર થઈ છે અને વપરાઈ પણ છે.જો દરેક સ્કૂલની સ્થળ પર ચકાસણી થાય તો ઘણાં કૌભાંડો ફૂટી નીકળે, એવી સ્થાનિક અધિકારીઓ અને સ્થાપિત હિતોને બીક લાગી હશે. ગુજરાતમાં તો ખરેખર સરકારે સામેથી કહેવું જોઈએ કે જાગૃત પત્રકારો અને નાગરિકો જાઓ, પોતપોતાના વિસ્તારમાં સ્કૂલોની તપાસ કરો અને જુઓ કે સરકારે ફાળવેલાં નાણાં બરાબર વપરાયાં છે કે નહીં.

ગુજરાતમાં દિવસે દિવસે અધિકારીઓનું શાસન વધતું જાય છે તેનો વધુ એક પુરાવો આ પરિપત્ર છે. પણ આ પરિપત્ર કરતાં પહેલાં સરકારે પાર્ટીના જ થોડાક ડાહ્યા લોકોની સલાહ લેવા જેવી હતી, કારણ કે આ પરિપત્ર નવી શિક્ષણનીતિના મૂળ મુસદ્દાનો જ વિરોધ કરે છે. નવી શિક્ષણનીતિ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના સંચાલનમાં જનભાગીદારી સ્વીકારે છે. આમ તો, સ્થાનિક સમિતિઓ બનાવવાની છે, જે શાળાની દેખરેખ રાખે અને શિક્ષણની ગુણવત્તા માટે સૂચનો કરે. આ મૂળ ભાવનાનો જ આ પરિપત્ર વિરોધ કરે છે.

આ પરિપત્રમાં શાળામાં પ્રવેશના નિયમનું ઉલ્લંઘન કરવા બદલ પોક્સો લગાવવાની વાત માત્ર હાસ્યાસ્પદ નથી પણ સરકારી અધિકારીઓ પોક્સો જેવા કાયદા માટે કેટલા ગંભીર છે, તે અંગે પણ પ્રશ્નો ઊભા કરે છે. સરકારે વહેલી તકે આ પરિપત્રનો પુનર્વિચાર કરવો જોઈએ. ભારતીય જનતા પાર્ટીના રાજકીય ઈતિહાસમાં હવે 'યુ-ટર્ન' આવી રહ્યો છે. સૌને બતાવવાલાયક બાબતો ઘટતી જાય છે અને નબળાઈ છુપાવવાની વાતો વધતી જાય છે. વળી, આ પરિપત્ર સરકારી શાળાઓ માટે છે પણ દુર્ભાગ્યે ખાનગી સ્કૂલ સંચાલક મંડળ આ પરિપત્ર પોતાના માટે પણ છે તેમ કહી આવકારી રહ્યું છે અને તેનો અમલ પોતાની સ્કૂલોના કારભારને છુપાવવા માટે કરવા માગે છે.

ટૂંકમાં, ભાજપ સરકાર ત્રીસ વર્ષના શાસન પછી એવી સ્કૂલો નથી બનાવી શકી કે કહી શકે કે જાઓ, જેને જવું હોય તે જાઓ અને જુઓ અમારી સ્કૂલો કેવી છે, અમારાં શિક્ષકો કેવાં છે, અમારાં બાળકો કેવાં છે!

બોલો, આ પ્રશ્ન છે કે નહીં?.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ગુજરાતીના હૃદયમાં એક ચાચરચોક પણ હોય છે!

**મંગલ મસ્તી**

**રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'**



> **આ દુનિયાના નકશા પર દેશો અને રાજ્યો બનાવ્યાં હશે, એમણે ગુજરાતના માટે એક ખાસ નોંધ લખી હશે કે, 'ગમે એવી વિકટ પરિસ્થિતિ આવે તો પણ, ઢોલ વાગે એટલે ગુજરાતી ગોળ ગોળ ફરવા માંડે**

કોણ કહે છે કે, મદ્યપાન કરવાથી જ નશો ચઢે? ગરબો પણ એક નશો છે. એનો ખેલૈયો પણ ઢોલ ઉપર થાપ પડતાંની સાથે, નશેડીની જેમ તાક-ધીનાધીન-ધા કરતો થઈ જાય. અમુક તો ગરબાના નશામાં એવાં મશગુલ બની જાય કે, તડ પાડવા આવેલા ઘૂંટણિયાની પણ દરકાર રાખવાનું ભૂલી જાય. પણ નવરાત્રીમાં 'ઈમ્યુનિટી' જ એવી વરસે કે, ઘૂંટણિયા છુટા પડી જાય તો ભલે પડી જાય, ગરબાની તાન નહીં મૂકે! ગુજરાતીની આ તાસીર છે. તેલ લેવા જાય શેરબજાર! તૂટવું હોય એટલું તૂટે, ગરબો ના તૂટવો જોઈએ! ગરબાને ક્યારેય મોંઘવારીના ફૂંફાડા અસર કરતા નથી. એની જાતને, ધી ઈકોનોમિક્સના મોટા-મોટા પ્રોફેસરો પણ સમજી શક્યા નથી કે, બાઈકમાં ૫૦ રૂપિયાનું પેટ્રોલ પુરાવી ગાડું ગબડાવતાં ખેલૈયાઓ, ત્રણથી પાંચ હજારના પાસનું સેટિંગ કરતા કેમના હશે? આવા લોકોને તો બહાદુરીનો નેશનલ એવોર્ડ આપવો જોઈએ. ખિસ્સામાં 'ગાંધીજી' હોય કે ના હોય,વાઈબ્રેશન એવા આવે કે, બેઠા બેઠા પણ પગ ધૂણતા થઈ જાય! ચોમાસું જેવું પૂરું થવા આવે એટલે ખેલૈયાઓના ડોળા નવરાત્રી તરફ ફરવા માંડે. શાકભાજી લેવા મોકલ્યો હોય તો 'બે-તાળી' કે ત્રણ તાળીના સ્ટેપમાં જ જાય. કિલોના ભાવને બદલે 'દોઢિયા'કે પાંચિયા' ના ભાવે ખરીદી કરતો આવે. બોલ્લો. હવે તો લાગે છે ને કે, 'ગુજરાતીના હૃદયમાં એક ચાચરચોક પણ હોય છે!

ગરબો એ ગુજરાતને મળેલો સાંસ્કૃતિક વારસો છે. ગરબા ગાવા નહીં મળે તો રસોડામાં પણ વેલણ-રાસ ખેલી નાંખે એનું નામ ગુજરાતી. જેમણે પણ આ દુનિયાના નકશા પર દેશો અને રાજ્યો બનાવ્યાં હશે, એમણે ગુજરાતના માટે એક ખાસ નોંધ લખી હશે કે, 'ગમે એવી વિકટ પરિસ્થિતિ આવે તો પણ, ઢોલ વાગે એટલે ગુજરાતી ગોળ ગોળ ફરવા માંડે. એટલે તો જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદા કાળ ગરબાની ભાત! ગુજરાતીના ગરબા ચોરસ નહીં હોય, પૃથ્વી ગોળ એમ એના ગરબા પણ ગોળ! ગરબા પ્રત્યેનો એવો ઘેરો નશો હોય કે, જેનું કોઈ ડી-એડિક્શન સેન્ટર (વ્યસન મુક્તિ કેન્દ્ર) હજી સુધી શોધાયું નથી અને ભવિષ્યમાં શોધાય એવી શક્યતા પણ નથી. અલબત્ત! ગરબામાં ધોતિયા માસ્ટરનું કામ નહીં! ગરબા ગાતાં જો ભેરવાયું તો, ગરબો છોડીને ઘરે ભાગવું પડે. જેની વિમાની પોલીસી ને ઢીંચણ બંને પાકી ગયાં હોય, એમણે પારોળી ભકત બનીને નવરાત્રીના દીવડા જ સાચવવાના! ગરબાનું કુંડાળું ભલે નાનું હોય પણ, પૃથ્વીની પ્રદક્ષિણા કરતા હોય એવો ભાસ થાય! ઘૂંટણ એ ગરબાનું ઊર્જા કેન્દ્ર છે. લાંબા થઈ જવાય યાર? બાકી ગરબે રમવાની ફેઈઇણ કાઢવાનું કોને મન નહીં થાય? પણ સુગર, બ્લડપ્રેસર ને કોલેસ્ટ્રોલ સાથે જેના સંબંધો બંધાયેલા હોય, એમણે તો સાહસ કરવા જ નહીં. ઘૂંટણિયા ઔર ટણક મારતા થઈ જાય. પારોળી ભક્ત બનીને પારોળી ઉપર ઠુંઠવાઈને બેસી રહેવાનું ને ઢીંચણ ઉપર તાલી ઠોકી થાપ આપ્યા કરવાની. એ પણ ભક્તિ જ છે. જ્યાં સમ આવે ત્યાં 'લોલ' બોલતા થઈ ગયો ગરબો! ગરબા ગવાતા હોય ત્યારે ધરમપુરના ધોધની માફક હોંશલો ઉછળે તો બહુ, પણ ગરબાનો એક જ આંટો લેવામાં જો છાતી ધમણની માફક ફૂલી જતી હોય, તો બેઠા બેઠા જ 'જય માતાજી' બોલતાં રહેવાનું. શું કહો છો ચમનિયા? બાકી, ગરબા રમવામાં 'ચમનિયા'ની સ્ટાઈલ જેવી કોઈની સ્ટાઈલ નહીં દાદૂ! એના કપાળમાં કાંદા ફોડું ઊભો ઊભો એવો નાચે કે, હવામાં ગરબા ગાતો હોય એવું લાગે! ગરબાની હીંચ સંભળાવી જ જોઈએ, ધોતિયામાં પણ ફેરફુદરડી ફરી આવે. કઈ માતાજી એને આ શક્તિ આપે, એની ખબર નથી, પણ ટાંટિયામાં સ્પ્રીંગ બેસાડેલી હોય એમ, ઉછળે! ધોતિયાના વેશમાં યૌવનધનનાં ટોળામાં ગરબો ખેંચવા જાય ત્યારે તો, મોરના ટોળામાં વાંદરું ઘૂસી ગયું હોય એવું લાગે! 'યૌવન વીંઝે પાંખને બદલે, ડોહો વીંઝે આંખ'ની જેમ દાંડિયા ફેરવતો હોય એવું લાગે! સચ્ચી!

ગરબો એટલે આસો માસે જીવનના સરવૈયાનું કાઢેલું સાંસ્કૃતિક સૌભાગ્ય. શબ્દ-સંગીત-ગાયકી અને પગના ઠુમકાની અનોખી શૈલી દ્વારા માતાજીની આરાધના કરવાની આધ્યાત્મિક રીતિ! ગરબો જોઈને ગરબામાં જોડાવાનું ગમે, જોવાનું પણ ગમે ને સાંભળવાનું પણ ગમે, ને વીતેલાં વરસોને યાદ કરીને ઝૂરવાનું પણ ગમે! નવરાત્રીમાં હોસ્પીટલના ખાટલે બાટલા ચઢાવીને સૂતા હોય, ને કોઈનો ખાટલો હલવા માંડે તો એવું નહીં માની લેવાનું કે, ભાઈને ટાઢિયા તાવની ધ્રુજારી ચઢી છે! બનવાજોગ છે કે, ગરબાનો પવન પણ ભરાયો હોય! ઓન લાઈન શિક્ષણની માફક, ઓન લાઈન ગરબાની 'ફોર્મ્યુલા' હજી આવી નથી, એ માતાજીની કૃપા છે. નહીં તો કંઈ કેટલાના બેડરૂમ-ડ્રોઈંગરૂમ કે રસોડા 'ચાચર-ચોક'માં ફેરવાઈ જાય. કાનમાં ભૂંગળા નાંખીને ઘરમાં જ ગરબાના ગોટે ચઢ્યા હોત. ગરબાની ગુંજ કાને અથડાય એટલે, ખખડી ગયેલા ઘૂંટણમાં પણ પતંજલિનો પાવર આવી જાય! બાકી ઢીંચણની પીડા કેવી હોય એ તો 'ઘાયલકી ગત ઘાયલ જાણે' એના જેવું છે. ઢીંચણ ઉપર માતાજીનું નાળિયેર વધેરો કે સાત વારની ચૂંદડી બાંધો, તો પણ પરવારી ગયેલું ઢીંચણું ભાનમાં નહીં આવે.! ઢીંચણમાંથી જ જીવ ગતિ કરવાનો હોય, એમ કકડકકડ બોલવા માંડે. ચીસ પડાવી નાંખે યાર? ભગવાનની પણ કેવી અસીમ કૃપા? ગરબા ગાવા તો બબ્બે ઢીંચણ આપેલા. એક ઉપર એક ફ્રી! એની જાતને એકને સાચવવા જાય તો ક્યારેક બીજું આડું ફાટે. બબ્બે વાઈફ સહન થાય, પણ બબ્બે ઢીંચણ જો આડા ફાટ્યા તો બૂમ પડાવી દે! સારવારમાં એવો 'લોલ 'થઈ જાય કે, 'ઘૂંઘટ કે પટ ખોલ'કહેવાનું પણ ભૂલી જાય. યાર.ઢીંચણ સંભાળવા જાય કે, ગરબાની 'લોલ'બોલવા જાય? છતાં ગુજરાતી બ્રેકવાળું ગાલ્લું પણ ખેંચી જાણે, એનું નામ ગુજરાતી. ખેલૈયો એક વાર ગરબામાં ગોટે ચઢવો જોઈએ, પછી તો ઉંમર પણ આપોઆપ રીટર્ન થવા માંડે! હરખનાં ધીંગાણાં થતાં હોય ત્યારે, ઉંમરનો વર્તારો આડો આવતો નથી. પછી તો જેવી જેની મોજ તેવી તેની તાલી. શ્રધ્ધા અને ઝનૂન આપોઆપ આવી જાય!

આમ તો ઘરવાળાં જ લક્ષ્મી, અન્નપૂર્ણા, સરસ્વતી ને કાલિકા માતા કહેવાય. પણ તેમની હાજરીમાં ઘરમાં દાંડિયા ખેલવા ગયા તો, પાટાપીંડી પણ આવે કહેવાય નહીં. મોટા ઉપાડે રસોડામાં તો ગરબા ખેલવા જ નહીં કે, 'તમે ચૂલેથી ઊતાર્યાં ધાન, મા અન્નપૂર્ણા, ને પૂર્યા અમારા કોડ દેવી અન્નપૂર્ણા .!"લસણ છોલવા જ બેસાડી દે! ઘરનાં માતાજીને પલાળવાં એટલે ડામર રોડ ઉપર વાવણી કરવા બરાબર! નવરાત્રીમાં એક જ વાત યાદ રાખવાની, માતાજીની આરતી આવડે કે નહીં આવડે. ગરબાના 'સ્ટેપ'આવડવા જોઈએ, એટલે નવરાત્રી પૂરી! ધત્તેરીકી!

**લાસ્ટ બોલ**

ચંચીએ ચમનિયાને પૂછ્યું કે, 'આ વખતે તો મેં બે મહિના પહેલાંથી ગરબાના ક્લાસ શરૂ કરેલા! તમને ગરબામાં મારા સ્ટેપ કેવા લાગ્યા?

ચમનિયો કહે, 'સ્ટેપ વાઈફ જેવા! ઊંઘમાં પણ તારા સ્ટેપ 'લાઈવ' હતા.!

તારા કપાળમાં કાંદા ફોડું!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ચંદી પડવો: પરંપરા કે બદલાતો સમય?

ગુજરાતમાં દિવાળી પછી ઉજવાતો ચાંદી પડવો માત્ર નવા વર્ષની શરૂઆતનો દિવસ નથી, પરંતુ વેપાર, સમૃદ્ધિ અને નવી આશાઓ સાથે જોડાયેલી પરંપરા છે. આ દિવસે વેપારીઓ ચોપડાપૂજન કરીને નવા હિસાબની શરૂઆત કરે છે, જ્યારે પરિવારો સ્નેહીઓ સાથે મળીને શુભેચ્છાઓની આપ-લે કરે છે. જોકે, બદલાતા સમયમાં આ પરંપરાનું સ્વરૂપ પણ બદલાઈ રહ્યું છે. પહેલાં સંબંધો અને શુભેચ્છાઓને મહત્ત્વ અપાતું, જ્યારે આજે ઘણી વાર મોંઘી ભેટો, દેખાડો અને સામાજિક પ્રતિષ્ઠાની સ્પર્ધા પ્રસંગનો ભાગ બની જાય છે. પરંપરાનો સાચો હેતુ નવી શરૂઆત, વિશ્વાસ અને પરસ્પર સદ્ભાવના જાળવવાનો છે. વેપારમાં નફો જરૂરી છે, પરંતુ સંબંધોમાં વિશ્વાસ અને વ્યવહારમાં પ્રામાણિકતા પણ એટલાં જ મહત્ત્વનાં છે. તો પછી ચાંદી પડવાની ઉજવણી માત્ર ખરીદી અને ભેટસોગાદો પૂરતી સીમિત રહેવી જોઈએ કે જીવનમાં નવી શરૂઆત કરવાનો સંકલ્પ પણ બનવી જોઈએ?

**મુંબઈ - સુહાની દિલદાર**

## પરિવર્તનની લડાઈ લોકો દ્વારા થવી જોઈએ

તાજેતરમાં દેશના મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામાના મુદ્દે કેટલાક મહિનાઓથી આંદોલન ચાલી રહ્યું છે. આ આંદોલન એક રાજકીય પાર્ટી અને તેના સમર્થકો દ્વારા ચલાવવામાં આવી રહ્યું છે. એટલે લોકો એવું જ વિચારી લે છે કે આ તો સત્તા મેળવવા માટે કરવામાં આવી રહ્યું છે. કોઈપણ ક્ષેત્રે પરિવર્તન લાવવું હોય તો તેમાં યુવાનો અને લોકો દ્વારા આંદોલન થવું જોઈએ. દેશ કે વિદેશનો ઈતિહાસ તપાસતાં ખબર પડે છે કે કોઈપણ આંદોલન આખા જનસમૂહને સ્પષ્ટપણે સમજાય એવું હોવું જોઈએ. નેપાળમાં યુવાનો રસ્તા પર ઊતરી આવ્યા, તો ફ્રાન્સ, જર્મની જેવા બીજા અનેક દેશોમાં મોંઘવારી વિરુદ્ધ આંદોલનો થયાં અને તેનાં પરિણામો જોવા મળ્યાં. દેશમાં છેલ્લા કેટલાક વર્ષોથી મોંઘવારી, બેકારી, અસમાનતા અને શિક્ષણમાં પ્રવર્તતી અસમાનતા વિરુદ્ધ તો કોઈ આંદોલન કરવામાં આવતાં જ નથી. મુખ્ય ચૂંટણી કમિશનર આવે કે જાય, તેનાથી સામાન્ય લોકોને કોઈ ફરક પડવાનો નથી. દેશમાં સાચી દિશાનું પરિવર્તન લોકો દ્વારા જ આવી શકે.

**સુરત - ચન્દ્રકાન્ત રાણા**

## અમિતાભ બચ્ચનને ભારતરત્ન મળવો જોઈએ!

ભારતીય સિનેમાના મહાનાયક અમિતાભ બચ્ચને છ દાયકાથી વધુ સમય સુધી અભિનયક્ષેત્રે અમૂલ્ય યોગદાન આપ્યું છે. પદ્મશ્રી, પદ્મભૂષણ અને પદ્મવિભૂષણથી સન્માનિત આ કલાકારને હજુ ભારતરત્ન મળ્યો નથી. તેમના અભિનય, સંઘર્ષ, લોકપ્રિયતા અને ભારતીય સિનેમાને વૈશ્વિક ઓળખ અપાવવામાં આપેલા યોગદાનની યોગ્ય કદર થવી જોઈએ. ભારતરત્ન માત્ર સન્માન નથી, પરંતુ રાષ્ટ્રની કૃતજ્ઞતાનું પ્રતીક છે. જો અસાધારણ પ્રતિભા અને લાંબી કલાસાધનાનું મૂલ્યાંકન થાય, તો અમિતાભ બચ્ચનના નામ અંગે ગંભીરતાથી વિચારણા થવી જોઈએ. જે કલાકારે અનેક પેઢીઓનાં હૃદય પર રાજ કર્યું છે, તેમને દેશના સર્વોચ્ચ સન્માનથી નવાજવાનો સમય ક્યારે આવશે? આ પ્રશ્ન માત્ર અમિતાભના ચાહકોનો નહીં, ભારતીય સિનેમાના ગૌરવનો પણ છે.

**- મુકેશ બી. મહેતા**

## જૂની વસ્તુ, નવો ઉપયોગ!

ઘરમાં જૂનાં કપડાં, કાચની બરણીઓ, કાગળ અને પ્લાસ્ટિકની વસ્તુઓ ઘણી વાર બિનઉપયોગી માનીને ફેંકી દેવામાં આવે છે. પરંતુ યોગ્ય રીતે ફરી ઉપયોગ કરવાથી કચરો ઘટાડી શકાય છે અને કેટલાક ખર્ચ પણ બચાવી શકાય છે. જૂની બરણી સંગ્રહ માટે, કપડાંની થેલી અને કાગળનો પુનઃઉપયોગ જેવી નાની આદતો પર્યાવરણ માટે ઉપયોગી છે. જોકે, દરેક વસ્તુનો પુનઃઉપયોગ સુરક્ષિત કે વ્યવહારુ હોય એવું નથી; જોખમી કચરો અને ઈલેક્ટ્રોનિક વસ્તુઓનો યોગ્ય નિકાલ જરૂરી છે. પર્યાવરણનું રક્ષણ માત્ર મોટી યોજનાઓથી નહીં, પરંતુ રોજિંદી આદતોથી પણ શક્ય છે. આપણે જરૂર કરતાં વધુ વસ્તુઓ ખરીદીએ છીએ અને પછી કચરો ઘટાડવાની વાત કરીએ છીએ–તો શું બદલાવની શરૂઆત ખરીદીની આદતથી ન થવી જોઈએ?

**સુરત - વર્ષા સરવૈયા**

## ઓનલાઈન શોપિંગમાં ડિસ્કાઉન્ટ કે માર્કેટિંગની જાળ?

ઓનલાઈન શોપિંગે ખરીદી સરળ બનાવી છે. એક જ વસ્તુની અનેક બ્રાન્ડ અને કિંમતોની સરખામણી ઘરે બેઠાં થઈ શકે છે. પરંતુ મોટું ડિસ્કાઉન્ટ, મર્યાદિત સમયની ઓફર અને તરત ખરીદી કરવાની સૂચનાઓ ગ્રાહકને જરૂર કરતાં વધુ ખર્ચ કરવા પ્રેરિત કરી શકે છે. કેટલીક વાર મૂળ કિંમત વધારીને મોટી છૂટ બતાવવામાં આવે છે, જ્યારે ખરીદેલી વસ્તુની ગુણવત્તા અપેક્ષા મુજબ હોતી નથી. આથી માત્ર ડિસ્કાઉન્ટ જોઈને ખરીદી કરવાને બદલે ઉત્પાદનની વિગતો, સમીક્ષાઓ, વળતર નીતિ અને અંતિમ કિંમત તપાસવી જોઈએ. સસ્તું મળ્યું એટલે પૈસા બચ્યા એવું હંમેશાં નથી હોતું; બિનજરૂરી વસ્તુ ન ખરીદવી એ પણ બચત જ છે. ઓનલાઈન ખરીદીમાં આપણે ખરેખર જરૂરિયાત પૂરી કરીએ છીએ કે જાહેરાતોથી પ્રભાવિત થઈને ખર્ચ કરીએ છીએ?

**ભરુચ - મહેશ પરમાર**

## ટ્રાફિકના નિયમો તોડવા એ મર્દાનગી નથી

આપણા શહેરમાં ટ્રાફિકના નિયમોનો છડેચોક ભંગ કરવામાં કેટલાક વાહન ચાલકો માહિર છે.ઓવર સ્પીડ, રોંગ સાઈડ વાહન દોડાવવું,રોંગ સાઈડ ટર્ન લેવો,બીઆર ટી એસ માર્ગમાં ઘૂસી જવું,હેલ્મેટ ન પહેરવું,ટ્રિપલ સવારી, વાહન ચલાવતા ફોન પર વાત કરવી લાઈસન્સ વગર વાહન ચલાવવું આ દ્રશ્યો સાવ સામાન્ય છે.કેટલાક લોકો એને પોતાની બહાદુરી સમજે છે.કેટલાક અતિઆત્મવિશ્વાસ અને અહમમાં રાચે છે અને બેફામ વાહન ચલાવે છે.એમને પોલીસનો ડર જ નથી.બિન્દાસ,રોકટોક વગર આવા બિહામણા દ્રશ્યો સર્જાય છે,ત્યારે સામાન્ય નાગરિક ગભરાટ અનુભવે છે અને વિચારે છે કે કાયદા જેવું કંઈ છે કે નહીં? ટ્રાફિક પોલીસની નજર સામેથી નિયમ ભંગ કરીને નીકળી જવાના નજારા જોવા મળે ત્યારે બોલાય જાય કે 'હદ કર દી આપને.'ટ્રાફિક સિગ્નલની 'ઐસી કી તૈસી' કરી બીઆરટીએસ કે સીટી બસ ચાલકો રેડ સિગ્નલમાં જ એવરેજ 5 સેકન્ડ વહેલા બસ દોડાવી મૂકે છે,જે ખતરારૂપ છે.રેડ સિગ્નલ હોવા છતાં વાહન હંકારવું ભયંકર જોખમી છે.આવા તત્વો બેફામ છે,નથી કોઈ એમને રોકનાર નથી કોઈ દંડનાર!હેલ્મેટનો અને સીટ બેલ્ટનો કાયદો અને ફાયદો લોકોને સમજાતો જ નથી. સિનિયર સિટીઝન વાહન ચલાવતા કે રોડ ક્રોસ કરતાં ફફડી ઊઠે છે.પ્રથમવાર જેમને લાઈસન્સ ઈસ્યુ થાય ત્યારે એમને ટ્રાફિક નિયમનો વિડીયો બતાવવામાં આવે તો!ત્રણ વખતથી વધુ વખત નિયમ ભંગ કરનારનું લાયસન્સ સ્થગિત કરવામાં આવે તો! એ ડરથી પણ ટ્રાફિક નિયમોનું પાલન કરે.ટ્રાફિક વિભાગ કડકાઈથી કાયદાનો અમલ કરાવે અને નિયમ મુજબ દંડ વસુલે તો વાહન ચાલકોને ડર રહે, ફફડાટ રહે.પોલીસ કે એમનો યુનિફોર્મ ડર માટે નથી,પણ તેઓ કાયદાના રક્ષક છે.ટ્રાફિક પોલીસ પ્રમાણિકતાથી ફરજ નિભાવે તો લોકોને ડર રહે. ડર કેમ નથી? કેમ ફરજમાં બેદરકારી નજરે પડે છે?એ વિચારવાનો પ્રશ્નો છે!

**સુરત -અરુણ પંડ્યા**